Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# આદિવાસી સમાજના વિકાસમાં ગ્રંથાલય અને ગ્રંથપાલની ભૂમિકા

પરમાર રાકેશભાઈ દુધાભાઈ
બી-૭, જીવનપ્રભા સોસાયટી, સુભાષ બ્રિજ, અમદાવાદ-૨૭, ૯૯૨૪૪૭૭૮૪૦,
rakesh_parmar4@yahoo.com પી.એચ.ડી.સ્કોલર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

❖ **સાર**

ગ્રંથાલયએ દરેક સંસ્કૃતિને આગળ લઈ જવા માટે પ્રેરણા આપે છે. પ્રાથમિક લેખની શરૂઆતમાં ગ્રંથાલયોની માહિતી આપવામાં આવી છે. ત્યારબાદ તેમના વિસ્તારના ગ્રંથાલયોના લક્ષણો, ગ્રામવિકાસ યોજનાઓ અને કાર્યક્રમો તેમજ આ યોજનાઓનો લાભ આપવા માટે ગ્રંથાલય અને ગ્રંથાપાલોની ભૂમિકા અંગે સમજ આપવામાં આવી છે, અંતમાં સમાજના વિકાસમાં ગ્રંથાલયની ભૂમિકા તેમજ આદિવાસી વિસ્તારમાં ગ્રંથાલયોમાંથી મળતા પરિમાણ ઉપર ચર્ચા કરવામાં આવી છે.

❖ **ચાવીરૂપ શબ્દો**

આદિવાસી જીવન, ગ્રંથાલયની સેવાઓ, ગ્રંથપાલની ભૂમિકા, ગ્રંથાલય સેવાઓથી મળતું પરિણામ

❖ **પ્રસ્તાવના**

સામાજિક દ્રષ્ટિએ વતમાન સમાજને ત્રણ વિભાગમાં વિભાજીત કરી શકાય છે.

૧. આધુનિક સમાજ,
૨. મધ્યમ વિચારધારા ધરાવતો સમાજ અને
૩. આદિવાસી સમાજ.

આદિવાસી સમાજ સંસ્કાર અને સંસ્કૃતિનો ઉદ્દભવ કરતો હતો, ખોરાક માટે આમથી તેમ ભટકતો હતો. ધીમે ધીમે સમાજના કુદરતી પર્યાવરણ પરિસ્થિતિને અનુરૂપ તે પોતાની જીવનશૈલી ઘડતો રહ્યો.

સમાજના વહેણ સાથે સંસ્કાર, સંસ્કૃતિ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિકાસ સાથે સુધારાવાદી સમાજ શને: શને: અસ્તિત્વમાં આવતો રહ્યો. વિજ્ઞાન અને ટેકનોલોજીનાં વિકાસ સાથે આધુનિક સમાજ અસ્તિત્વમાં આવ્યો, જેઓ વિકાસના આ ચક્રથી વત્તે ઓછે અંશે બહાર રહી ગયા તે વ્યક્તિ-સમાજ એટલે આદિવાસી સમાજ.

❖ **આદિવાસી સમાજ**

સામાન્ય રીતે જંગલો પહાડોમાં રહેનારા વિશિષ્ટ બોલી બોલનારા, ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ કરનારા માનવ સમૂહને આદિવાસી કહેવામાં આવે છે. સામાજિક ઉત્ક્રાંતિવાદના સિધ્ધાંત મુજબ દેહની જેમ સમાજની ઉત્ક્રાંતિ સાઠા સમાજથી માંડી સંકુલ સમાજ સુધી થઈ છે સાથે સમાજ એ છે કે જે ઉત્ક્રાંતિની શરૂઆતનો સમાજ છે. જેમાં લોકો આદિજાતિમાં વસતા હતા એક આદિજાતિના લોકો એક જ બોલી બોલનારા હતા એક જ ભૌગોલિક વિસ્તારમાં રહેતા હતા. જેમ જેમ સાંસ્કૃતિક ઉત્ક્રાંતિ થઈ તેમ તેમ સમરૂપ આદિજાતિમાંથી સંસ્થીકૃત

વૈવિધ્ય આવતાં સાદો સમાજ નાશ પામતો ગયો અને વર્ગ સમાજ ઊભો થતો રહ્યો, આવા સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક વિકાસમાં પાછળ રહી ગયેલ સમાજ.

❖ **ગુજરાતના આદિવાસી વિસ્તારો**

ગુજરાતમાં આદિવાસી વસ્તીએ ગુજરાતની વસતીના ૧૫% છે. ગુજરાતના પૂર્વભાગ તરફ ઉત્તરમાં દાંતા તાલુકાથી માંડીને દક્ષિણમાં વાલાસાડા સુધી સાપુતાડાની હારમાળાઓ છે ને પૂર્વપટ્ટીમાં આવેલા સાબરકાંઠા, દાહોદ, વડોદરા, નર્મદા, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેમાં ૪૧ તાલુકાઓ આદિવાસી વિસ્તાર તરીકે જાહેર થયેલા છે.

❖ **આદિવાસી વિસ્તારમાં ગ્રંથાલય સેવાઓ તથા ગ્રંથાપાલોની ભૂમિકા**

ગુજરાતના આદિવાસી વિસ્તાઓમાં વિશિષ્ટ ગ્રંથાલય-૧, જિલ્લા ગ્રંથાલયો–૧૨, તાલુકા ગ્રંથાલયો-૪૮, ફરતાં ગ્રંથાલયો-૩, સ્વર્ણિમ ગ્રંથાલયો-૧૧ તથા ગ્રામ ગ્રંથાલયો-૬૫ કાર્યરત છે. જેનું સંચાલન સરકારના ગ્રંથાલય ખાતા હસ્તક છે.

સામાન્ય રીતે ગ્રંથાલયમાં પુસ્તક, સામાયિક, ડિજિટલ વાંચનસામગ્રી આધુનિક ગ્રંથાલયમાં અદ્યતન કોમ્પ્યુટર લેબ વગેરે જેવી સુવિધા હોય છે જેનો ઉપયોગ શિક્ષિત સમાજના લોકો કરતા હોય છે પરંતુ આનાથી વિપરિત આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે તેથી તેમને શિક્ષિત તો ખરા પણ તેની સાથે સાથે તેમના જીવનમાં ઉપયોગી સેવાઓનો લાભ પણ તેમને જો ગ્રંથાલયમાંથી જ મળી રહે તો તેઓ ગ્રંથાલયનો ઉપયોગ કરતા થાય તે મહત્વનું છે.

❖ **ગ્રંથાલયની ગ્રામવિકાસની યોજનાઓ અને કાર્યક્રમોમાં ભાગીદારી**

૧. ગ્રામીણ બંધારણ યોજના : ખેતી વિષયક ઉપજોના સંગ્રહ કરવા માટે

૨. Live Stocks ઈન્સ્યુરન્સ સ્કીમ : પશુધન ઉપજની ગુણવત્તા સુધારવા અને વિમા માટે

૩. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના : ગામડાને જોડવા અને રોજગારી માટે

૪. કેશ સ્કિમ ફોર રૂરલ એમ્પ્લોયમેન્ટ : ગ્રામ રોજગારી માટે

૫. નેશનલ ફંડ ફોર રૂરલ ડેવલોપમેન્ટ : ગ્રામ વિકાસ માટે, આર્થિક મદદ માટે

ઉપરના વિવિધ ગ્રામવિકાસની યોજનાઓની સાથે ગ્રંથાલયને સાંકડીને આપવી જોઈએ. આ માટે ગ્રંથાલયમાં એવા પુસ્તકો, સામયિકો, સાહિત્ય વસાવવું જોઈએ જેથી ગ્રામજનો ગ્રંથાલયોમાં આવતાં થાય.

❖ **આદિવાસી ગ્રંથાલયોમાં ગ્રંથપાલની ભૂમિકા**

ગ્રંથપાલ હંમેશા ગ્રંથાલય અને વાચકને જોડતી કડી છે ગ્રંથપાલનું કામ વાચકને માટે પુસ્તક આપવાનું જ નહી પણ એવા ગ્રંથાલયો જ્યાં શિક્ષણ ખૂબ ઓછું છે ત્યાં તો બીજી આવશ્યક સેવાઓને પણ ગ્રંથાલય સાથે સાંકડી લેવી જેવી જોઈએ. આદિવાસી વિસ્તારના ગ્રંથાલયોમાં ગ્રંથપાલે નીચે મુજબની આવશ્યક સેવાઓને ગ્રંથાલય સેવા સાથે સાંકળી લેવી જોઈએ.

૧. ફરતું ગ્રંથાલય શરૂ કરવું જેના દ્વારા આંતરિયાળ છેવાડાના અંતર સુધી ગ્રંથાલય સેવાઓ પહોંચાડી શકાય.

૨. જ્ઞાન અને મનોરંજન સભર સમાજ ઉપયોગી વ્યાખ્યાનમાળા, સંમેલનોનું આયોજન કરવું જેના લીધે આદિવાસી સમાજ ગ્રંથાલય પ્રતિ આકર્ષાય.

૩. આદિવાસી સમાજમાં સંસ્કૃતિ, રમત, કળાઓ, નૃત્ય સંબંધિત જુદી-જુદી સ્પર્ધાઓનું આયોજન કરવું.

૪. નિષ્ણાંતો દ્વારા કૃષિવિષયક, પાક સુધારણા, ખેત-પેદાશની નવી ટેકનોલોજી, ખાતરનો ઉપયોગ, ખેતપેદાશોના રક્ષણ વગેરેના વકતવ્ય ગોઠવવા.

૫. “માં અમૃતમ યોજના”, “આયુષ્યમાન ભારત”, “ખેડૂત વિમા સહાય યોજના” વગેરેના નિયમને લગતું સાહિત્ય રાખી તે યોજનાઓથી ગ્રામ્યપ્રજાને વાકેફ રાખવા.

૬. કેન્દ્ર સરકાર, રાજ્યસરકારની વિવિધ શિષ્યવૃત્તિ જે અનુસૂચિત જનજાતિના અભ્યાસ કરતા બાળકોને આપવામાં આવે છે તેની માહિતી આપવી.

૭. વ્યવસાયિક અભ્યાસક્રમો તેમજ વિદેશ અભ્યાસ, માટે સરકાર દ્વારા આ જાતિનાં વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે છે. તેની માહિતી આપવી, જરૂરી લીંક પ્રોવાઈડ કરવી.

૮. ગ્રંથપાલ દ્વારા વૃધ્ધો, બાળકો માટે ખાસ પ્રકારની વ્યવસ્થા ગોઠવવી જેમ કે વૃધ્ધો માટે ઘેર પુસ્તકો પહોંચાડવા, બાળકોને બાળવાર્તાઓનું વાંચન, ઈનામી સ્પર્ધાઓનું આયોજન, બાળગોષ્ઠિનું આયોજન કરવું.

૯. મહિલાઓના વિકાસ માટે ભરતકામ, સિવણકામ, મેંહદી જેવા વર્ગોનું આયોજન ગ્રંથાલયમાં કરી શકાય.

૧૦. મહિલાઓમાં સવિશેષ બચતનું મહત્વ સમજાવી સખી મંડળની રચના કરવી, બેંક, જીવનવીમા પોસ્ટની વિવિધ બચત યોજનાઓની માહિતી આપવી.

૧૧. સરકાર દ્વારા પોતાના પાકના રક્ષણ માટે પાકવીમા યોજના શરૂ કરવામાં આવી છે તેનાથી તેઓને માહિતગાર કરવા.

૧૨. કુટુંબ નિયોજન, સ્વચ્છતા, રોગચાળા નાબુદી વગેરે અંગેની જાણકારી આપવી, આરોગ્યની જાળવણી અંગેની જાણકારી આપી સમયાંતરે વિશિષ્ટ રોગના નિષ્ણાંત ડોકટરને બોલાવી શિબિરો ગોઠવવી.

૧૩. અત્યારે સ્પર્ધાત્મક પરીક્ષાને વેગ મળ્યો છે જો ગ્રંથાલયમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને ઓનલાઇન ફોર્મ ભરી આપવાની સુવિધા પૂરી પાડવી, તેમજ આ પરીક્ષાને લગતું સાહિત્ય વસાવવું નિષ્ણાંતો અધ્યાપકો જે નિ:શુલ્ક માર્ગદર્શન આપવા માંગતા હોય તો તેમની મદદ લઈ તાલીમ વર્ગો શરૂ કરવા.

૧૪. ગ્રામ્ય યુવક – યુવતીઓ મહેનતું હોય છે તેથી તેમને વિવિધ રમત ક્ષેત્રોની માહિતી આપી રાજ્યસ્તરે, યોજાતી ખેલ-કુદ સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રોત્સાહીત કરી શકાય.

૧૫. આદિવાસી વિસ્તારોમાં ચાલતાં વિવિધ પરંપરાગત વ્યવસાયો ચલાવવા અથવા પડી ભાંગેલા વ્યવસાયોને સજીવન કરવા અને તેને સંબધિત માહિતી પૂરી પાડવી.

૧૬. ગ્રામિણ અર્ધશિક્ષિત લોકોને મનોરંજન મળે તેવા કાર્યક્રમો કરી આદિવાસી સમાજના વિકાસમાં સહભાગીદાર બનવું.

૧૭. આદિવાસી સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજો ખૂબ પ્રચાલિત હોય છે જેમાંથી બહાર લાવવા માટે તેમને સૌ પ્રથમ તો શિક્ષિત કરવા પ્રયત્ન કરવા. આમ તેઓનું શિક્ષણ વધે તેવા પ્રયત્નો કરવા શિક્ષણની નવી તકોની તેમને માહિતગાર કરવા.

૧૮. વિવિધ પ્રકારના ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોના સંપર્કમાં રહીને પોતાના ગ્રંથાલયો વિકાસ સાધી તેના દ્વારા આદિવાસી સમાજને મદદરૂપ થવું.

❖ **આદિવાસી વિસ્તારમાં ગ્રંથાલય સેવાઓનાં વિસ્તાર અને ગ્રંથપાલની ભૂમિકાથી મળતું પરિણામ**

- સમગ્ર આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થઈ શકે.
- આદિવાસી સમાજના ઔપચારિક અને અનૌપચારિક બંને પ્રકારના શિક્ષણનો બહોળા પ્રમાણમાં ફેલાવો થઈ શકે.
- સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મળવાથી વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે છે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીથી સમાજનો વ્યક્તિ સરકારમાં રોજગારી મેળવવા સક્ષમ બની શકશે.
- આદિવાસી સમાજમાં પથરાયેલી ધાર્મિક અંધશ્રધ્ધાઓ વગેરે નાબૂદ થઈ શકશે.
- સ્વચ્છતા, આરોગ્યની કાળજી વગેરેથી માહિગાર થઈ બીજાને મદદરૂપ થઈ શકે છે.
- આદિવાસી સમાજ ગ્રંથાલયના ઉપયોગથી તેમના વિસ્તારમાં રહેલ કુદરતી સંપત્તિનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કરીને પોતે આર્થિક રીતે સક્ષમ બની શકશે.
- મહિલાઓ શિક્ષિત થશે તેમજ સ્વરોજગાર મેળવતી થશે તેમજ બચત કરતી થશે.
- આદિવાસી સમાજ ટેકનોલોજી પરિચિત થશે તથા દુનિયા સાથે કદમ મિલાવી શકશે.
- શિક્ષણ સહાય, શિષ્યવૃત્તિની જાણકારી, અનામત વગેરેની જાણકારી, મફત છાત્રાલયોની જાણકારીથી બાળકોનું શિક્ષણ વધશે, યુવા જાગૃત થશે પરિણામે પોતાના સમાજને પણ આગળ લાવવામાં મદદરૂપ થશે.
- ગ્રંથાલયની સેવાઓની સાથે આવી પાયાગત મૂળભૂત સેવાઓને સાંકળી લેવાથી આ સમાજને ગ્રંથાલય તથા ગ્રંથપાલનું વિકાસમાં યોગદાન સમજાશે અને ગ્રંથાલય પ્રત્યે આકર્ષી શકાશે અને ઉપયોગ કરતા કરી શકશે.

- **ઉપસંહાર**

ગ્રંથાલય અને ગ્રંથપાલનું મુખ્ય કાર્ય જ્ઞાનને સીમાડાઓને પેલે પાર પહોંચાડવાનું છે એવા ક્ષેત્રમાં જ્યાં જ્ઞાનનું આછું-પાતળું કિરણ પડ્યું છે. આવા આદિવાસી વિસ્તારો જ્યાં ગ્રંથાલય માત્ર એક ઓરડો છે અને ગ્રંથપાલ ફક્ત ચોકીદાર. ગ્રંથાલય ભલે આવકનો સ્ત્રોત નહિવત હોય પરંતુ જ્ઞાન એ ગ્રંથપાલની આગવી મિલકત છે, ગ્રંથપાલમાં દરેક ક્ષેત્રનું જ્ઞાન અને કૌશલ્ય હોવું જરૂરી છે. તેના દ્વારા અપાતી ઉપરની સેવાઓમાં મોટાભાગની નિ:શુલ્ક આપી શકાય તેવી છે માત્ર આંગળી ચિંધ્યાનાં પુણ્ય જેવું છે. તેમની થોડીક જાણકારીથી કેટલાય ઘરમાં આશાઓના દીપ પ્રકટાવી શકાય તેમ છે અને આ એવો સમાજ જ્યાં અદ્યતન ટેકનોલોજીનાં યુગમાં પણ ઘણી બધી પાયાની અને મૂળભૂત જરૂરિયાતોથી પણ અલિપ્ત રહ્યો છે તેવા સમાજના વિકાસનું કર્યા માત્ર શિક્ષણ જ કરી શકશે અને શિક્ષણના અને જ્ઞાનના ફેલાવવાનું કાર્ય ગ્રંથાલય એટલે કે “દેવાલય” જેને “જ્ઞાનનું મંદિર” કહેવામાં આવે છે અને ગ્રંથપાલ જે આ મંદિરનો ભગવાન તેના દ્વારા જ થઈ શકશે. માટે આ સમાજના વિકાસ માટે સરકાર, શિક્ષિત સમાજે ગ્રંથાલયની પ્રવૃત્તિને વેગ આપવો જ રહ્યો.

**સંદર્ભ સૂચિ** :-


૧. ઉપાધ્યાય, ચંદ્રકાન્ત (૨૦૦૯) આદિવાસી પરંપરા અને પરિવર્તન : અમદાવાદ, નવભારત સાહિત્ય.

૨. ગુજરાત રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગ્રંથાલય ખાતું (૨૦૧૨-૧૩) વાર્ષિક વહિવટી અહેવાલ

૩. ભૈયા, છગન (૧૯૯૩) ગ્રંથાલય અને સમાજ ; અમદાવાદ, ગૂર્જરગ્રંથ રત્ન કાર્યાલય.

૪. શર્મા, બી. ડી. (૨૦૦૪) આદિવાસી વિકાસ : એક સૌધ્ધાંતિક વિવેચન, ભોપાલ

૫. અટલ, યોગેશ (૧૯૬૪) આદિવાસી ભારત દિલ્હી : રાજકમલ પ્રકાશન.

૬. ઈન્ટરનેટ તથા વિવિધ વેબસાઈટની આંકડાકીય માહિતી.